# ચેપી ગર્ભપાત

- ચેપી ગર્ભપાત એ પશુઓનો એક ચેપી રોગ છે. જેમાં ગાય / ભેંસમાં ગર્ભપાત થઈ શકે છે, અને પછી વાંઝીયાપણું આવવાની સંભાવના રહે છે.
  માદા પશુના સંપર્કમાં આવવાથી કે તેનું ઉકાળ્યા વગરનું કાચુ દૂધ પીવાથી આ રોગના જીવાણુ માણસમાં પણ ઉતાર ચઢાવ વાળો તાવ પેદા કરે છે.

## લક્ષણો :

- ગર્ભવસ્થાના છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ગર્ભપાત થઈ જાય છે.
- ગર્ભપાત પછી મેલી પડતી નથી અને તેના ગર્ભાશયમાં જ સડવાથી પશુ લાંબા સમય સુધી બિમાર રહે છે.
- પશુના પગના સાંધામાં સોજો આવે છે.

## નિયંત્રણ :

- આ રોગથી બચવા માટે ૪ થી ૮ મહિનાની વાછરડી/પાડીઓને રસી મુકાવવી જોઈએ.
- રોગી પશુને સ્વસ્થ પશુથી તરત જ અલગ કરી દેવું જોઈએ.
- ગર્ભપાત થયેલ ગર્ભ, મેલી તથા તેના સંપર્કમાં આવેલ ઘાસચારો વગેરેને બાળી નાંખવો અથવા ઊંડા ખાડામાં ચૂનો અથવા મીઠું નાખી દાટી દેવો.
- માદા પશુના વાડાને તથા જ્યાં ગર્ભપાત થયો હોય તે જગ્યાને જંતુનાશક દ્રાવણથી ધોઈ સાફ કરવી જોઈએ.





**"ચેપી ગર્ભપાત અટકાવી, પશુની ફળદ્રુપતા જાળવો"**


-: પ્રકાશક :-

વિસ્તરણ શિક્ષણ નિયામક
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક-૧, ૪થો માળ, વીંગ-બી૧, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦